## પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2024** **Evening : 7.50 to 8.00**

**Day : TUESDAY** **National News**

-----------------------------------------------------------

- ✓ લોકસભા ચૂંટણીની સાતમા તબક્કા માટેનો પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો.
- ✓ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું છે કે, ચોથી જૂને સવારે સમગ્ર રાજ્યમાં 26 કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.
- ✓ બંગાળની ખાડીમાં ઉદ્દભવેલું અને હવાના તીવ્ર દબાણ સ્વરૂપે ફેરવાયેલું રેમલ ઇશાન-બાંગ્લાદેશ અને મેઘાલય સુધી પહોંચ્યું - ચક્રવાતને પગલે બાંગ્લાદેશમાં જાનમાલને ભારે નુકસાન થયું – 13ના મૃત્યુ
- ✓ દિલ્હીની અદાલતે કથિત મનીલૉન્ડ્રીંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજી સાંભળવાનો ઇન્કાર કર્યો
- ✓ પાપુઆ ન્યૂ ગિનીમાં વિનાશક ભૂસ્ખલનને પગલે 2000થી વધુના મૃત્યુ, ભારતે 10 લાખ ડૉલરની સહાય જાહેર કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**CAMPAING OVER ALL- 1**

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે પ્રચાર અભિયાનને ગણતરીના દિવસો બાકી છે. વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે. પહેલી જૂનના રોજ 8 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની 57 બેઠકો માટે મતદાન થશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના બારસાત અને બશીરહાટમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. શ્રી મોદીએ દાવો કર્યો કે તેમના કાર્યકાળમાં ભ્રષ્ટાચાર શૂન્ય હતો. તેમણે વિપક્ષના ગઠબંધનની નીતિ સામે પ્રહાર કર્યા હતા. મોડી સાંજે તેમણે જાદવપુરમાં પ્રચાર, તેમજ કોલકાતામાં રોડ શૉ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે ઓડિશાના જગતસિંગપુરમાં ચૂંટણી સભાને સંબોધતા બીજુ જનતા દળ અને મુખ્યમંત્રી નવીન પટનાયકની નીતિની ટીકા કરી હતી.

ઉત્તર પ્રદેશમાં અંતિમ તબક્કા માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોરખપુરમાં પ્રચાર કર્યો હતો. અભિનેતા રવિ કિશન અહીં ભાજપના ઉમેદવાર છે. ઉત્તર પ્રદેશના ઉપ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યે બાંસગાંવમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

તો સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કુશીનગરમાં ચૂંટણી સભા સંબોધી હતી. ભાજપ બંધારણને બદલી નાખવાનો ઇરાદો ધરાવતી હોવાનો આરોપ તેમણે મૂક્યો હતો.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે કરકટ મત વિસ્તારમાં ચૂંટણી સભા સંબોધી હતી. ...2..

## CAMPAING OVER ALL- 2

જેડીયુ અધ્યક્ષ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે નાલંદામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. તેમણે આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ અને પરિવારવાદ આધારિત રાજકારણ પર નિશાન સાધ્યું હતું.

આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદે પટણામાં પત્રકારોને સંબોધતા આ લોકસભા ચૂંટણીને બંધારણ અને અનામતને બચાવવાના જંગ તરીકે લેખાવી.

.................

## GUJARAT COUNTING-1

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું છે કે, ચોથી જૂને સવારે સમગ્ર રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી યોજાયેલી સમીક્ષા બેઠકમાં સુશ્રી ભારતીએ આ મુજબ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર મતગણતરી કામગીરી માટે 56 મતગણતરી નિરીક્ષકો, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મતગણતરીના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, એક કાઉન્ટીંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે.

મતગણતરી મથકો પર માત્ર ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીઓ, નિરિક્ષકો, ફરજ પરના કર્મચારીઓ-અધિકારીઓ, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો તથા કાઉન્ટિંગ એજન્ટ્સ પ્રવેશ કરી શકશે.

તમામ મતગણતરી કેન્દ્રો પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. દરેક મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. રાજ્યકક્ષાએ પત્રકારોને પરિણામની વિગતો મળી રહે તે માટે નવા સચિવાલયમાં મીડિયા સેન્ટર ઉભું કરવામાં આવશે. આ ઉપરાંત મતગણતરીના દિવસે results.eci.gov.in પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**KERALA-RAIN**

બંગાળની ખાડીમાં ઉદ્દભવેલું અને હવે હવાના તીવ્ર દબાણ સ્વરૂપે ફેરવાયેલું રેમલ 16 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે આગળ વધીને ઇશાન-બાંગ્લાદેશ અને મેઘાલય સુધી પહોંચ્યું છે. સવારના 10 વાગ્યાના અહેવાલ મુજબ રેમલ અગરતલાથી વાયવ્ય દિશાએ 150 કિલોમીટર અંતરે, સીલ્ચરથી વાયવ્ય દિશાએ 110 કિલોમીટર અંતરે જ્યારે શિલોંગથી દક્ષિણ દિશાએ 50 કિલોમીટર અંતરે પહોંચ્યું છે. હવાનું હળવું દબાણ હજુ વાયવ્ય દિશાએ આગળ વધીને હવાના હળવા દબાણ સ્વરૂપમાં ફેરવાય તેવી શક્યતા છે.

દરમિયાન કેરળના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદની સ્થિતિ બનેલી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ટૂંક સમયમાં કેરળમાં નૈઋત્ય ચોમાસું બેસે તે માટે અનુકૂળ પરિસ્થિતિ ઉભી થઇ છે. અને કેરળના ઘણા વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. કેરળ અને દક્ષિણ તમિળનાડુના દરિયા કિનારા વિસ્તારોમાં ઉંચા ઉછળતા મોજાના કારણે સંબંધિત વિસ્તારના લોકોને અને માછીમારોને તકેદારી રાખવાની સૂચના અપાઇ છે.

હવામાન વિભાગે કોટ્ટાયમ, અર્નાકુલમ જિલ્લાઓમાં રેડ અલર્ટ, જ્યારે અન્ય કેટલાક જિલ્લાઓમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. કેટલાક જિલ્લાઓમાં નિચાણવાળા ભાગોમાં પાણી ભરાતા સ્થાનિક લોકોને હાલાકી પડી હતી. સ્થિતિને જોતા પર્વતીય વિસ્તારો સહિતના પ્રવાસન સ્થળોએ માનવીય પ્રવૃત્તિઓ પર રોક લગાવાઈ છે.

.................

**ARUNACHAL-HEAVY-RAINFALL**

હવામાન વિભાગે અરૂણાચલપ્રદેશના ઘણા વિસ્તારોમાં આગામી કેટલાક દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. પશ્ચિમ અને પૂર્વ કામેંગ, તેમજ ચાંગલાંગ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જ્યારે 11 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગે ભેખડો ધસી પડવાના સંભવિત વિસ્તારો તેમજ ભયજનક માળખાઓથી દૂર રહેવાની સૂચના લોકોને આપી છે.

અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાન્ડુએ  સોશિયલ મીડીયા ઉપર રાજ્યના નાગરિકોને સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિમાં યોગ્ય તકેદારી રાખવાનો અનુરોધ કર્યં છે.

.................

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . .

**MIZORAM LANDSLIDE**

રેમલ ચક્રવાતને કારણે પડેલા વરસાદ બાદ મિઝોરમની રાજધાની આઇઝોલના બાહ્ય વિસ્તારમાં ભૂસ્ખલન થતા 12 લોકોના મૃત્યુ થયા છે.

મિઝોરમના અમારા સંવદદાતાએ જણાવ્યુ હતું કે ચક્રવાતને કારણે ઠેર ઠેર વૃક્ષો પડી જવાથી રસ્તાઓ બંધ થઈ ગયા હતા. જેને કારણે જાહેર પરિવહનને અસર થવા પામી છે. મિઝોરમના મુખ્યમંત્રીએ રાહત અને બચાવ કામગીરી માટે 15 કરોડ રૂપિયા ફાળવ્યા છે. વરસાદની સ્થિતિને જોતા અહીં શાળાઓ અને સરકારી ઑફિસો બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

રેમલ ચક્રવાતને પગલે ત્રિપુરામાં જનજીવન ખોરવાયું હતું. રાજ્યના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. કેટલાક ભાગોમાં વીજળી, પાણી પુરવઠા સાથે ઇન્ટરનેટની સેવાને અસર થઈ હતી. હવામાન વિભાગે આવતીકાલે 50થી 60 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . . . . . . .

## ICG--CYCLONE

ભારતીય તટરક્ષક દળે બંગાળ અને બાંગ્લાદેશમાં તાજેતરમાં ચક્રવાતી વાવાઝોડા સ્વરૂપે ત્રાટકેલા રેમલ ની સંભવિત અસર ખાળવા કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ સાથે સંકલન સાધીને નોંધપાત્ર કામગીરી કરી છે. આના કારણે જાનહાનિની ઘટના બની નથી અને સંકટનો અસરકારક રીતે સામનો શક્ય બન્યો છે.

તટરક્ષક દળના હલ્દીયા અને પારાદીપ ખાતેના કાર્યરત મથકોએ વાવાઝોડા અંગે સમયસર જાણકારી માછીમાર અને વેપારી જહાજોને આપી હતી. એટલું જ નહીં વાવાઝોડું જમીન પર પ્રવેશ્યા બાદ તટરક્ષક દળનું જહાજ વરાડે  અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આ ઉપરાંત ભુવનેશ્વરથી તટરક્ષક દળના બે ડોર્નિયર વિમાનોએ બંગાળની ખાડીના ઉત્તર વિસ્તારમાં સર્વગ્રાહી સર્વેક્ષણની સચોટ કામગીરી કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

## BANGADESH-REMAL CYCLONE

રેમલ ચક્રવાતને પગલે બાંગ્લાદેશમાં જાનમાલને ભારે નુકસાન થયું છે. ચક્રવાતને પગલે વિવિધ ઘટનાઓમાં 13 લોકોના મૃત્યુ થયા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં 30 હજાર જેટલા

કાચા મકાનો ધોવાઈ ગયા હતા. જ્યારે કે દોઢ લાખ મકાનોને નુકસાન થયું હોવાના અહેવાલ છે. ચક્રવાતને પગલે અંદાજે 37 લાખ લોકોને અસર થઈ છે.

બાંગ્લાદેશના હવામાન વિભાગ અનુસાર રેમલ ચક્રવાત નબળું પડીને હવાના દબાણમાં ફેરવાયું છે, જે બાંગ્લાદેશના ઉત્તર પૂર્વીય ભાગો તરફ આગળ વધી રહ્યું છે. મેઘાલયના પર્વતીય વિસ્તારોમાંથી આવતા પાણીને પગલે બાંગ્લાદેશના સિલહટ શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. રવિવારે મોડી રાતે રેમલ બંગ્લાદેશના ખેપુપારા અને પશ્ચિમ બંગાળના કાંઠા વિસ્તારોમાં પ્રવેશ્યું હતું. ત્યાર બાદથી તે નબળું પડી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . .

**SC-KEJRIWAL**

સર્વોચ્ચ અદાલતની ઉનાળુ ખંડપીઠે મનીલૉન્ડ્રીંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીનની મુદ્દત વધારવાની વિનંતી કરતી અરજીની સુનાવણી હાથ ધરવાનો ઇન્કાર કર્યો છે.

અરવિંદ કેજરીવાલે નાદુરસ્ત તબિયતનું કારણ આપતા સાત દિવસ માટે જામીન વધારવાની અપીલ કરી હતી. ન્યાયધીશ જે. કે મહેશ્વરી અને કે. વી વિશ્વનાથનની ખંડપીઠે કહ્યું કે, આ કેસ પહેલાથી જ અન્ય ખંડપીઠ સમક્ષ સુનાવણી માટે છે, આથી આ અદાલત તેમાં દખલ કરી શકશે નહીં. અદાલતે આ અરજી અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા દેશના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ જવાનો નિર્દેશ આપ્યો છે.

.................

**INDIA PAPUA**

ભારતે પાપુઆ ન્યૂ ગિનીમાં થયેલા વિનાશક ભૂસ્ખલનને જોતા રાહત, પુનવર્સન અને પુનર્નિર્માણ માટે 10 લાખ ડૉલરની તાત્કાલિક સહાય જાહેર કરી છે. આ મહિનાની 24મી તારીખે પાપુઆ ન્યૂ ગિનીના એંગા પ્રાંતમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં હજારો લોકો દટાયા હોવાની ભીતિ છે. અત્યાર સુધીમાં બે હજારથી વધુ નાગરિકોના મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. અત્યંત દુર્ગમ વિસ્તાર હોવાથી પ્રભાવિત સ્થળોએ બચાવ કામગીરી મુશ્કેલ બની છે. જેથી સ્થાનિક લોકો જ ટાંચા સાધનો સાથે દટાયાલા લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતીય વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ભારત આ પ્રાકૃતિક આફતમાં પાપુઆ ન્યૂ ગિની સાથે મજબૂતીથી ઉભું છે. મંત્રાલયે આ આફત નિવારણ અને પ્રબંધનના પગલાં ને ભારતના હિન્દ-પ્રશાંત મહાસાગર વિસ્તારની પહેલનો મહત્વપૂર્ણ સ્તંભ ગણાવ્યો છે.

................